ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં બંધને મિશ્ર પ્રતિસાદ





ગાંધીનગર, તા. ૨

સુપ્રિમકોર્ટના એટ્રોસીટી એક્ટના સુધારના ચૂકાદાના વિરોધમાં ૨ એપ્રિલના સોમવારે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ બંધના એલાનને પગલે ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં ઠેર-ઠેર દલિતોએ મોટી સંખ્યામાં રસ્તાઓ પર ઉતરી જોરદાર વિરોધ પ્રદર્શન કર્યો હતો. ગાંધીનગર શહેરમાં ગાંધીનગરના અન્ય તાલુકાઓમાં મોટી સંખ્યામાં દલિત બંધુઓ જોડાયા હતા અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ચૂકાદો રદ કરવા જણાવ્યુ હતુ.

ભારત સરકાર દ્વારા અનુચૂતિત જાતિ અને જનજાતિ ઉપર થતા અત્યાચાર નિવારણ હેતુ એટ્રોસીટી એક્ટ ૧૯૮૯ અમલમાં મુકાયો છે. આમ છતાં છેલ્લા કેટલાક વર્ષોનો ક્રાઈમ રેકોર્ડ જોવામાં આવે તો કાયદાથી રક્ષિત કરવામાં આવેલા આ સમાજના લોકો ઉપર અત્યાચારનું પ્રમાણ વધ્યુ છે. ત્યારે આ કાયદાનો સંપૂર્ણ અને કડક અમલ થવો જરૂરી છે. પરંતુ થોડા દિવસો અગાઉ સુપ્રિમ કોર્ટે એટ્રોસીટી એક્ટમાં સુધારો કરવાનો એક ચૂકાદો આપતા દેશભરમાં વિરોધનો વંટોળ ઉભો થયો હતો અને રાજ્ય સહિત દેશભરમાં દલિતોએ વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા.

આજે ભારતની વિવિધ દલિત સંસ્થાઓ આ ચૂકાદાના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી ભારત બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ. જેને લીધે ગાંધીનગર સહિત રાજ્યભરમાં દલિત આગેવાનો અને કાર્યકરો દ્વારા માર્ગો પર ઉતરી જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. આ બંધની અસર ૧૦ વાગ્યા બાદ ગાંધીનગર શહેરમાં પણ જોવા મળી હતી. સેંકડોની સંખ્યામાં દલિતો શહેરના હાર્દસમા ઘ-૩ પથિકા સર્કલ નજીક એકઠા થઈ ગયા હતા અને માર્ગો પર ચારેબાજુથી આવતા વાહનો અટકાવ્યા હતા. વિરોધ કરતા દલિતો માર્ગો પર સુઈ ગયા હતા. આ પ્રદર્શનકારીઓની જાણ થતા એસઓજી એલસીબી તથા સ્થાનિક પોલીસ મથકના પોલીસ કર્મીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જ્યારે ટ્રાફિક પોલીસે પણ ઘ-૩ પથિકાશ્રમ સર્કલ તરફ આવતા માર્ગો પર અગાઉ જ બેરીકેટ મુકી રસ્તાઓને ડાયવર્ઝન અપાવી દિધા હતા. પથિકા તરફ આવતા માર્ગોને બંધ કરાવવામાં આવતા શહેરના આંતરિક અને અન્ય માર્ગો પર ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. જ્યારે બંધને જોતા ગાંધીનગર એસ.ટી. તંત્રએ એસટી બસોને બંધ કરી દિધી હતી. જેથી ગાંધીનગર આસપાસના વિસ્તારમાંથી શાળા-કોલેજમાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ પણ અટવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના મુખ્ય ૩ સનદી અધિકારીઓ બદલાયા

**કલેક્ટર સતીષ પટેલ યુવક સેવા સાંસ્કૃતિક કમિશ્નર તરીકે, ડીડીઓ દેવાંગ દેસાઈ વલસાડ ડીડીઓ અને કમિશ્નર ડી.એન. મોદી ડીડીઓ ખેડા નિમાયા : એસ.કે. લાંગા કલેક્ટર તરીકે, કોયા ડીડીઓ તરીકે અને અમરાણી નવા મ્યુનિ. કમિશ્નર તરીકે મુકાયા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને મ્યુનિ. કમિશ્નરની એક સાથે આજે બદલી કરવામાં આવી છે.



રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આજે મોડી સાંજે બદલીના હુકમો કરવામાં આવ્યા છે. ગાંધીનગર કલેક્ટર તરીકે પંચમહાલ કલેક્ટર તરીકે ફરજો બજાવતા એસ.કે. લાંગાને મુકવામાં આવ્યા છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારી તરીકે બોટાદ ફરજ બજાવતા હિતેશ કે. કોયાને ગાંધીનગર ડી.પી. દેસાઈના સ્થાને મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર કલેક્ટર સતીષ પટેલને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના કમિશ્નર તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈને વલસાડ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે ગાંધીનગર મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીને જિલ્લા વિકાસ અધિકારી તરીકે ખેડા-નડિયાદ ખાતે મુકવામાં આવ્યા છે. મનપાના નવા કમિશ્નર તરીકે એસ.એસ. અમરાણીને મુકવામાં આવ્યા છે. અમરાણી હાલ અમરેલી ખાતે કલેક્ટર તરીકે સેવાઓ આપતા ૨૦૦૩ની બેચના સિનીયર અધિકારી છે.

# રાજ્યના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો : ૬૭ સનદી અધિકારીઓ બદલાયા

**અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતના કલેક્ટર તરીકે યુવા અધિકારીઓ નિમાયા : કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તથા મહાનગરપાલિકાના કમિશનરોની વ્યાપક બદલીઓ**

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારે આજે ૬૭ સનદી અધિકારીઓની બદલીના હુકમો કરી અને વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારો કર્યા છે. આજે મોડી સાંજે કરાયેલ આ બદલીના હુકમોમાં અમરેલી, સાબરકાંઠા, અમદાવાદ, સુરત, વડોદરા, નવસારી, ગાંધીનગર કલેક્ટર સહિત અધિકારીઓનો સમાવેશ થાય છે. અમદાવાદ કલેક્ટર તરીકે વિક્રાંત પાંડે, વડોદરા કલેક્ટર તરીકે શાલીની અગ્રવાલ, સુરત કલેક્ટર તરીકે ધવલ પટેલ, નવસારી કલેક્ટર તરીકે એમ.ડી. મોડિયા, ગાંધીનગર કલેક્ટર તરીકે એલ.કે. સાંગા, ખેડા કલેક્ટર તરીકે આઈ.કે. પટેલને નિયુક્ત કરવામાં આવ્યા છે.

આજે કરાયેલા બદલીના આ હુકમોમાં શહેરી વિકાસ વિભાગમાં નવી ઉભી કરાયેલ કમિશ્નર ઓફ મ્યુનિસીપાલટીઝની જગ્યા પર સુરતના કલેક્ટર એમ.એસ. પટેલને મુકવામાં આવ્યા છે. અમદાવાદ કલેક્ટર અવંતિકાસિંઘ ઔલખને ગુજરાત સ્કૂલ ડેવલપમેન્ટ મિશનના એમ.ડી. તરીકે અને સાબરકાંઠા કલેક્ટર તરીકે ફરજો બજાવતા પી. સ્વરૂપને મેને. ડિરેક્ટર ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં મુકવામાં આવ્યા છે.

ભાવનગર કમિશ્નર મનોજ કોઠારીને રાહત કમિશ્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે તો બનાસકાંઠા કલેક્ટર દિલીપ રાણાને આણંદ કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | નવી જગ્યા |
|---|---|---|
| પી. સ્વરૂપ | કલેક્ટર, સાબરકાંઠા | મેને. ડિરેક્ટર, ઉત્તર ગુ. વિજ કંપની |
| અવંતિકાસિંઘ ઔલખ | કલેક્ટર, અમદાવાદ | નિયામક રોજગાર તાલીમ અને મેને. ડિરેક્ટર સ્કીલ ડેવલપમેન્ટ મિશન |
| રાહુલ ગુપ્તા | કલેક્ટર, જૂનાગઢ | કલેક્ટર રાજકોટ |
| એસ.એસ. અમરાણી | કલેક્ટર અમરેલી | કમિશ્નર ગાંધીનગર, મ્યુનિ. કમિશ્નર |
| એમ.એસ. પટેલ | કલેક્ટર સુરત | કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટીઝ ગાંધીનગર |
| એમ.એ. ગાંધી | શ્રમ નિયામક | મ્યુનિ. કમિશ્નર ભાવનગર |
| વિક્રાંત પાંડે | કલેક્ટર રાજકોટ | કલેક્ટર અમદાવાદ |
| શ્રીમતિ પી. ભારથી | કલેક્ટર વડોદરા | નિયામક સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર |
| રણજીતકુમાર | કલેક્ટર દાહોદ | આદિજાતિ કમિશ્નર ગાંધીનગર |
| શાલિની અગ્રવાલ | કલેક્ટર અરવલ્લી | કલેક્ટર વડોદરા |
| આર.જે. માંકડિયા | આદિજાતિ કમિશ્નર ગાંધીનગર | કલેક્ટર મોરબી |
| એમ.આર. કોઠારી | મ્યુનિ. કમિશ્નર ભાવનગર | રાહત કમિશ્નર ગુજરાત |
| વી.એ. વાઘેલા | ડીડીઓ વડોદરા | કલેક્ટર મહીસાગર |
| સતીષ પટેલ | કલેક્ટર ગાંધીનગર | નિયામક યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ |
| રવિ અરોરા | કલેક્ટર નવસારી | કલેક્ટર ભરૂચ |
| એ.વી. કાલરિયા | કલેક્ટર પોરબંદર | માહિતી નિયામક |
| આઈ.કે. પટેલ | કલેક્ટર મોરબી | કલેક્ટર ખેડા |
| એમ.ડી. મોડિયા | કલેક્ટર મહીસાગર | કલેક્ટર નવસારી |
| એસ.બી. પટેલ | ડીડીઓ ખેડા | નિયામક ફિશરીઝ |
| એસ.કે. લાંગા | કલેક્ટર પંચમહાલ | કલેક્ટર ગાંધીનગર |
| દિલીપકુમાર રાણા | કલેક્ટર બનાસકાંઠા | કલેક્ટર આણંદ |
| સંદીપ સાંગલે | કલેક્ટર ભરૂચ | કલેક્ટર બનાસકાંઠા |
| એમ.એ. પંડ્યા | ડીડીઓ જામનગર | કલેક્ટર પોરબંદર |
| આર.જી. ગોહિલ | ડીડીઓ મહિસાગર | ડીડીઓ નવસારી |
| ડી.એન. મોદી | મ્યુ. કમિ. ગાંધીનગર | ડીડીઓ ખેડા |
| સી.જે. પટેલ | ડીડીઓ ભુજ | શ્રમ આયુક્ત |
| એચ.જે. વ્યાસ | ડીડીઓ સાબરકાંઠા | અધિક ઉદ્યોગ કમિશ્નર |
| જે.કે. ગઢવી | આદિજાતિ વિભાગ | ચીફ એક્ઝી. ડી. સેગ |
| પી.એસ. સોલંકી | ના.મ્યુનિ. કમિશ્નર વડોદરા | મુનિ. કમિશ્નર, જુનાગઢ |
| ધવલ પટેલ | કલેક્ટર આણંદ | કલેક્ટર સુરત |
| ઉદીત અગ્રવાલ | કલેક્ટર સુરેન્દ્રનગર | કલેક્ટર પંચમહાલ |
| હિતેશ કોયા | ડીડીઓ બોટાદ | ડીડીઓ ગાંધીનગર |
| એ.જે. શાહ | નિયામક રાહત | ડીડીઓ પંચમહાલ |
| ડી.પી. દેસાઈ | ડીડીઓ ગાંધીનગર | ડીડીઓ વલસાડ |
| ડૉ. કુલદીપ આર્ય | કલેક્ટર ખેડા | ના. મ્યુ. કમિ. અમદાવાદ |

● અનુસંધાન પાન-૭ પર

**ભાવભીની શ્રદ્ધાંજલિ**
**નવમી વાર્ષિક પુણ્યતિથી**



**કાર્તિક (ગોપુ) અશ્વિનભાઈ વ્યાસ**
જન્મ તા. : ૧-૩-૧૯૭૭ ● સ્વ. તા. ૩-૪-૨૦૦૯

સારા કર્મોની સુગંધ સદાયે રહેશે.
મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહથી ભલે અદૃશ્ય થયા હોય પરંતુ
તારી યાદ સદાય અમારી સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.
અશ્વિનકુમાર એમ. વ્યાસ
પ્રિયંવદાબેન અશ્વિનભાઈ વ્યાસ
કોશા કાર્તિક વ્યાસ
વેદાંન્ત કાર્તિક વ્યાસ
ચિરાગ પી. વ્યાસ
તૃષા સી. વ્યાસ
વરૂણ - વૈભવ
ફોન : ૨૩૨૨૬૦૯૮

# સે-૧નુ તળાવ મનપાને સોંપવા દરખાસ્ત

**સે-૧ ના તળાવ પાછળ કરોડોનો ખર્ચ થયો પરંતુ તળાવની રોનક નિખરી નથી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં સે -૧ માં તળાવની રોનક નિખારવામાં તંત્રને હજુ પણ સફળતા મળી નથી. દાયકાના અંતે પણ તળાવ નિર્માણની યોજના અપુર્ણ છે. કરોડો રૂપિયાના ખર્ચના અંતે પણ તળાવને પિકનીક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન સાકાર થયુ નથી. ખાલી તળાવમાં પાણી ભરાતુ નથી. જયારે તળાવને અનુલક્ષી નિર્માણ કરાયેલી ફુડકોર્ટ પણ ધુળ ખાય છે. તળાવમાં પાણી ભરાય તે માટે તંત્ર દ્વારા અનેક ઠેકાણે સર્વે પણ હાથ ધરાયો છે. ત્યારે સે-૧ ના તળાવને આ સ્થિતિમાં જ કોર્પોરેશનને સોંપી દેવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે માર્ગ મકાન વિભાગે આ માટે દરખાસ્ત પણ કરી દીધી છે.

શહેરના નવા સેકટરોમાં સ્થિત સે-૧ તળાવને નયનરમ્ય અને પિકનીક સ્પોટ સમાન

● અનુસંધાન પાન-૭ પર

Proclamation Requiring the Appearance of a Person Accused
[See Section 87]

Complainant
M/s. Parikh Consultants (P) Ltd., Mumbai - 21
C C No. 3537/SS/2016

Whereas, complaint has been made before me that **AMOL SHRIPAL SHETH** has committed (or is suspected to have committed) the offence of 138 of N.I. Act punishable under Section – of the Indian Penal Code and it has been returned to a warrant of arrest thereupon issued that the said accused cannot be found and whereas it has been shown to my satisfaction that the said accused has absconded (or is concealing himself to avoid the service of the said warrant).

Proclamation is hereby made that the said **AMOL SHRIPAL SHETH**, R/o. Plot No. 96/6, Village Koteshwar, Dist. Gandhinagar, Gujrath, India - Pin Code - 382424, is required to appear at Metropolitan Magistrate, 64th Court, Esplanade, Mumbai, before this Court (or before me) to answer the said complaint on the **25TH DAY OF JUNE 2018**.

Date this 27th day of March 2018.
Round seal of the Metropolitan Magistrate Esplanade, Mumbai

Sd/-
Magistrate
Metropolitan Magistrate,
64th Court, Esplanade, Mumbai

Address of Accused:- Plot No. 96/6, Village Koteshwar, Dist. Gandhinagar, Gujrath, India - 382424.

Complainant
M/s. Indus Agro Services & Consultants Private Ltd., Mumbai - 1
C C No. 9924/SS/2016

Proclamation Requiring the Appearance of a Person Accused
[See Section 87] O W NO:- 94/2018

Whereas, complaint has been made before me that **AMOL SHRIPAL SHETH** has committed (or is suspected to have committed) the offence of u/s 138 of NI Act punishable under section u/s 138 of NI Act of the Indian Penal Code and it has been returned to a warrant of arrest thereupon issued that the said **Accused – AMOL SHRIPAL SHETH** cannot be found and whereas it has been shown to my satisfaction that the said **Accused – AMOL SHRIPAL SHETH** has absconded (or is concealing himself to avoid the service of the said warrant).

Proclamation is hereby made that the said accused, of Gujrat, is required to appear at Metropolitan Magistrate, 33rd Court, Vaju Kotak Marg, Ballard Piar, Mumbai 400 001, before this Court (or before me) to answer the said complaint on the **17th Day of April, 2018**.

Date this 31st day of March, 2018.
Round Seal of Metropolitan Magistrate Ballard Pier, Mumbai

Sd/-
Magistrate
Metropolitan Magistrate,
33rd Court, Ballard Piar, Mumbai

Address of Accused:- Plot No.96/6, Village Koteshwar, Dist. Gandhinagar, Gujrat – 382424.

## સે-૧૩ અને ૩૦માંથી મેલેરિયાના શંકાસ્પદ ૨૯ કેસ મળ્યા

**મોટી સંખ્યામાં કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ : બે સેક્ટરમાં જ ૭૦૦થી વધુ સ્થાનો મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરાયો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સે. ૧૩ અને ૩૦માંથી મેલેરિયાના ૨૯ જેટલા શંકાસ્પદ કેસ પ્રથમ દિવસના જ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. શહેરમાં આજે સર્વેલન્સ દરમ્યાન આવરી લેવામાં આવેલ ૬૫૫૮ મકાનોના ૧૧૭૬૨ પાત્રોની ચકાસણીમાં ૮૨ સ્થાનો પરથી મચ્છરના બ્રીડીંગ મળી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૩ અને સે. ૩૦ આ વખતે મચ્છરોના બ્રીડીંગ પણ સૌથી વધુ મળ્યા છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ૧૨૧૫ જેટલા મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરાયો છે જેમાં આ બે સેક્ટરોમાં જ સાતસોથી વધુ સ્થાનો મળી આવ્યા છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા આજથી શરૂ થયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં શહેરમાંથી ૪૧ જેટલા શંકાસ્પદ મેલેરિયાના કેસ મળ્યા છે. તંત્ર દ્વારા આ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

શહેરી મેલેરીયા તંત્ર દ્વારા આજે પ્રથમ દિવસે જ ૩૫૧૭૧ લોકોને સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા છે.

આજે સર્વેલન્સ દરમ્યાન સૌથી વધુ શંકાસ્પદ મેલેરિયાના કેસ સે. ૩૦માંથી ૧૭ અને સે. ૧૩માંથી ૧૨ મળ્યા છે. આ પછી ધોળાકુવામાંથી ૭, પાલજ-બોરીજમાંથી ૪ કેસ મળી આવ્યા છે.

તંત્ર દ્વારા આ સર્વેલન્સ માટે ૬૩ થી વધુ કર્મચારીઓને કામગીરીમાં જોતરવામાં આવ્યા છે. પ્રથમ દિવસે જ ૧૫ ટકાથી વધુ વિસ્તારને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યુ છે.

**નિવિદા**

**ધી શાલીન કો.ઓ.હા.સ. સોસાયટી લિ., વાવોલ**

ધી શાલીન-૧ કો.ઓ.હા.સ.સો.લિ., ઉવારસદ રોડ, વાવોલના કુલ-૩૨ રહેઠાણના રસ્તાની વચ્ચેથી ગટરલાઈન નાંખવાની છે. આથી ગટરલાઈનનું ખોદકામ, પાઈપ નાંખી, ચેમ્બર ચણતર વગેરે કરીને માલસામાન સહિત ગાંધીનગરના માન્ય ઠેકેદારો પાસેથી ટેન્ડર પ્રસિદ્ધ થયેથી દિન પાંચમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. આ સંદર્ભે **મો. નં. ૯૮૨૫૫ ૬૧૪૩૮** અને **મો. નં. ૭૮૭૪૩૯૭૩૮** સંપર્ક કરવો.

પ્રમુખ મંત્રી

**જગ્યા ભાડે આપવાની છે**

ઈન્ફોસીટી સુપર મોલ-૧,
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫, સબ-વેની બાજુમાં,
આશરે ૨૩૩ ચો. ફુટ

મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

**જગ્યા ભાડે આપવાની છે**

પ્લોટ નં. ૧૦૧/૧/૪, જીઆઈડીસી, સેક્ટર-૨૮,
ગાંધીનગર, જલારામ આઈસ ફેક્ટરીની સામે,
ગ્રાઉન્ડ ફ્લોર, (૧૨૦૦ ચો. ફુટ કારપેટ)

મો. ૯૮૨૪૨ ૩૭૦૦૮

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com